જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૦૩/૦૨/૨૦૨૦ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૨૧/૨૦૨૦**

# ચોરી ના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમ બ્રાંચ :**

**આવતા જતા રાહદારીઓના મોબાઇલ ફોન ઝુંટવી ગુના કરવાવાળા બે આરોપીઓને ગુનો કરી મેળવેલ ૮ મોબાઇલ ફોન સાથે પકડી ૦૪ ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચ.**

અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા મિલ્કત સંબધી ગુનાઓ અને આવતા જતા રાહદારીઓના મોબાઇલ ફોનો ઝુંટવી ભાગી જઇ મોબાઇલ સ્નેચીંગ થવાના ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ શ્રી અજયકુમાર તોમર ખાસ પોલીસ કમિશ્નર ક્રાઈમબ્રાન્ચ તથા શ્રી દીપન ભદ્રન નાયબ પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાંચ નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે શ્રી બી.વી.ગોહિલ મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમબ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ.શ્રી આર.એસ.સુવેરા તથા સ્કોડના પો.સ.ઇ. શ્રી વાય.જી.ગુર્જર તથા સ્કોડના માણસો આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા અને સ્કોડના માણસો તા.૦૨/૦૨/૨૦૨૦ ના રોજ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન હે.કો.કૌશિક ગોવિંદભાઇ અને પો.કો.રમેશકુમાર હિરદેરામ નાઓને મળેલ બાતમી હકીકત આધારે આરોપી (૧) અરબાઝખાન @ નશરૂ S/O અમીસરખાન કાસમખાન પઠાણ ઉ.વ.૨૦ રહે.ઘર નં.૧૨ નબીનગર હીમાલયા બેકરીની સામે બેરલ માર્કેટની અંદર દાણીલીમડા અમદાવાદ શહેર (૨) સોહીલ @ ફુબળા S/O સલીમ શામહમંદ શેખ ઉવ.૨૦ રહે.બિસ્મીલ્લા રો હાઉસ ઘર નં.૩ અલહેમદો મસ્જીદની ગલીમાં બેરલ માર્કેટની અંદર દાણીલીમડા અમદાવાદ શહેર નાઓને નારોલ બ્રીજ નીચેથી પકડી લીધેલ અને તેમની પાસેથી અલગ અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-૦૮ કિરૂ.૫૦૦૦૦/- ની મતાના કબ્જે લેવામાં આવેલ છે.

## પકડાયેલ આરોપીઓનો ગુનાહીત પુર્વ ઇતીહાસ :

પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી અરબાઝખાન @ નશરૂ S/O અમીસરખાન કાસમખાન પઠાણ નાનો છએક મહીના પહેલા અસલાલી પો.સ્ટે માં બાઇક ચોરીના ગુનામાં પકડાયેલ છે.

## ૪ ગુનાનો ભેદ ઉકેલાયો.

પકડાયેલ આરોપીઓની પુછપરછ કરતા તેણે નીચે મુજબના ગુનાઓ આચરેલ છે.

(૧) ગયા મહીનાની શરૂઆતમાં સેટેલાઇટ શાંતીનીકેતન સ્કુલ સામેના પાર્કીંગ પાસે બે માણસો ચાલતા ચાલતા જતા હતા ત્યારે એક ભાઇ મોબાઇલ ફોન પર વાતચીત કરતા હતા તે વખતે ચાલુ વાહને તે ભાઇનો સેમસંગ S-10 મોબાઇલ ફોન ઝુંટવી ભાગી ગયેલ હતા. આ બનાવ અંગે સેટેલાઇટ પો.સ્ટે પાર્ટ એ ગુરનં. ૧૧૧૯૧૨૨0050/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯(એ)(૧).૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ છે.

(૨) આજથી આશરે દોઢેક મહીના પહેલા પાલડી ચંદ્રનગર બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ પાસે એક વ્યકતી ચાલતા ચાલતા જતા હતા અને મોબાઇલ ફોન પર વાતચીત કરતા હતા તે વખતે ચાલુ વાહને તે ભાઇનો વીવો કંપનીનો VIVO Z-1 મોબાઇલ ફોન ઝુંટવી ભાગી ગયેલ હતા. આ બનાવ અંગે પાલડી પો.સ્ટે પાર્ટ એ ગુરનં.૧૧૧૯૨૦૧૬૨000૨૬/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯(એ)(૩).૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ છે.

(૩) આજથી આશરે બે મહીના પહેલા મણીનગર ઝીરાફ સર્કલ પાસેથી એક ભાઇ ચાલતા ચાલતા જતા હતા અને મોબાઇલ ફોન પર વાતચીત કરતા હતા તે વખતે ચાલુ વાહને તે ભાઇનો નોકીયા કંપનીનો નોકીયા ૬.૧ પ્લસ મોબાઇલ ફોન ઝુંટવી ભાગી ગયેલ હતા. આ બનાવ અંગે મણીનગર પો.સ્ટે પાર્ટ એ ગુરનં.૧૧૧૯103૨૨000૫૩/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯(એ)(૩).૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ છે.

(૪) આજથી આશરે બે મહીનાની આસપાસ નારોલ થી વિશાલા બ્રીજ તરફ એક ભાઇ ચાલતા ચાલતા જતા હતા અને મોબાઇલ ફોન પર વાતચીત કરતા હતા તે વખતે ગ્યાસપુર પાટીયા પાસે ચાલુ વાહને તે ભાઇનો સેમસંગ એ-૭ મોબાઇલ ફોન ઝુંટવી ભાગી ગયેલ હતા.

(૫) આજથી આશરે બે અઢી મહીનાની આસપાસ ઇસનપુર ગોવિંદવાડી થી ચંડોળા તરફ જવાના રોડ પર એક ભાઇ ચાલતા ચાલતા જતા હતા અને મોબાઇલ ફોન પર વાતચીત કરતા હતા તે વખતે ચાલુ વાહને તે ભાઇનો ઓપો એ-૫ મોબાઇલ ફોન ઝુંટવી ભાગી ગયેલ હતા.

(૬) આજથી આશરે દોઢેક મહીનાની આસપાસ ઇસનપુર સુર્યનગર ચોકીથી ગોવિંદવાડી તરફ જવાના રોડ પર એક ભાઇ ચાલતા ચાલતા જતા હતા અને મોબાઇલ ફોન પર વાતચીત કરતા હતા તે વખતે ચાલુ વાહને તે ભાઇનો REDMI NOTE 5 PRO મોબાઇલ ફોન ઝુંટવી ભાગી ગયેલ હતા.

(૭) આજથી આશરે બે મહીનાની આસપાસ ઇસનપુર ગોવિંદવાડી થી વિશાલનગર જવાના રોડે આર.કે ના ગલ્લાના પહેલા એક ભાઇ ચાલતા ચાલતા જતા હતા અને મોબાઇલ ફોન પર વાતચીત કરતા હતા તે વખતે ચાલુ વાહને તે ભાઇનો VIVO Y 91 મોબાઇલ ફોન ઝુંટવી ભાગી ગયેલ હતા.

(૮) આજથી આશરે બે મહીનાની આસપાસ ઇસનપુર ગોવિંદવાડી થી વિશાલનગર જવાના રોડે આર.કે ના ગલ્લાની આસપાસ એક ભાઇ ચાલતા ચાલતા જતા હતા અને મોબાઇલ ફોન પર વાતચીત કરતા હતા તે વખતે ચાલુ વાહને તે ભાઇનો વન પ્લસ ૩ટી મોબાઇલ ફોન ઝુંટવી ભાગી ગયેલ હતા.

(૯) ૩૧/૧૨/૨૦૧૯ ના રોજ ઇસનપુર સુર્યનગર ચોકીથી થોડે આગળ આવેલ ટોરેન્ટ પાવરના ગેટ સામે એક ભાઇ એકટીવા ઉભુ રાખી મોબાઇલ ફોન પર વાતચીત કરતા હતા ત્યારે ચાલુ વાહને તે ભાઇનો ટેન ઓઆર મોબાઇલ ફોન ઝુંટવી ભાગી ગયેલ હતા. આ બનાવ અંગે ઇસનપુર પો.સ્ટે દાખલ થયેલ પાર્ટ એ ગુરનં.૧૧૧૯૧૦૨૨૨૦૦૦૦૧/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯(એ)(૩).૧૧૪ મુજબનો ગુનો શોધાયેલ છે.

## <u>શોધાયેલ ગુન્હા</u>

(૧) સેટેલાઇટ પો.સ્ટે પાર્ટ એ ગુરનં.૧૧૧૯૧૨૨૦૦૫૦/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯(એ)(૧). ૧૧૪ મુજબ

(૨) પાલડી પો.સ્ટે પાર્ટ એ ગુરનં. ૧૧૧૯૨૦૧૬૨૦૦૦૨૬/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯(એ)(૩). ૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ છે.

(૩) મણીનગર પો.સ્ટે પાર્ટ એ ગુરનં.૧૧૧૯૧૦૩૨૨૦૦૦૫૩/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯(એ) ૧૧૪ મુજબ

(૪) ઇસનપુર પો.સ્ટે દાખલ થયેલ પાર્ટ એ ગુરનં.૧૧૧૯૧૦૨૨૨૦૦૦૦૧/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯(એ)(૩).૧૧૪ મુજબ

## <u>પકડાયેલ આરોપીની એમ.ઓ.</u>

પકડાયેલ આરોપીઓને મોજશોખ કરવા માટે પૈસાની જરૂર હોય જેથી પોતાની પાસેની એકસેસ લઇને શહેર વિસ્તારમાં ફરતા અને રસ્તે જતા આવતા કોઇ એકલ દોકલ રાહદારી મોબાઇલ ફોન પર વાતચીત કરતી જણાય તો ચાલુ વાહને તેમની નજીક જઇ તેમનો મોબાફોલ ફોન આંચકી ભાગી જતા હતા.